ગુજરાત યુનિવર્સિટીમાં પાંચ ગોલ્ડ મેળવનાર શહેરની દિકરી

ગુજરાત યુનિવર્સિટીના ૬૯ માં કોનવોકેશન ગતરોજ સાંજના સુમારે સેનેટ હોલ ખાતે યોજાયું હતું. આ કોનવોકેશનમાં વિવિધ ફેકલ્ટીના સ્નાતક વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને તેમના ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ તથા રાજયકક્ષાએ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ નંબર હાંસલ કરવા બદલ ગોલ્ડ મેડલ તેમજ પદવી એનાયત કરવામાં આવી હતી. આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે મહામહીમ ગુજરાત રાજય ગર્વનર શ્રી આચાર્ય દેવવ્રત, સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના જસ્ટીસ શ્રી શાહ, ગુજરાત માધ્યમિક અને હાયર એજ્યુકેશનના મુખ્ય સચિવ શ્રીમતિ અંજુબેન શર્મા, ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો.હિમાંશુ પંડયા, અને ડો.જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે ગાંધીનગર શહેરની નજર સજ્જાદ દુર્રાનીને પાંચ ગોલ્ડ મેડલ તેમજ પદવી એનાયત કરવામાં આવી હતી. આ ગોલ્ડ મેડલ નજર દુર્રાનીને (એમ.એસ.સી.સાઈન્સ મેઈન સબજેકટ સ્ટેટેટીકસ)માટે આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે નજર દુર્રાનીના પિતા સજ્જાદ દુર્રાની ગાંધીનગર જિલ્લા પોલીસ વિભાગમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. પાંચ પાંચ ગોલ્ડ મેડલ મેળવીને શહેરની દિકરીએ ગાંધીનગર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

મિત્ર પરિવાર દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી અમદાવાદથી મોઢેરા પગપાળા સંઘનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને પગપાળા સંઘનુ આયોજન કરવામાં આવ્યુ નથી. નાગરિકોની જન સુખાકારીને ધ્યાનમાં લઈ મિત્ર પરિવારના કાર્યકરો દ્વારા સોલા અને મોઢેરા ખાતે ધજા આરોહણ કરવામાં આવ્ય હતુ. જયારે આ દરમિયાન પરિવારની અપીલને માન આપી સમાજના નાગરિકોએ ભાવિકોએ ઘરે ઘરે દિપ પ્રગટાવી અને માતાજીની ધુન બોલાવી નતમસ્તક થઈને જયઘોષ કર્યો હતો. આ પ્રસંગે જનસુખાકારીની ભાવના સાથે સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

ગાંધીનગરની રોટી બેંક સેવાનું માસુમ ભૂલકાંની સારવાર માટે મદદ અભિયાન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં જય હો ફાઉન્ડેશન દ્વારા દર રવિવારે "રોટી બેંક" નામથી આશરે ૪૦૦થી વધુ જરૂરિયાતમંદોને ભોજનસેવા પૂરી પડતાં સેવાભાવી યુવાનો દ્વારા મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ત્રણ માસના માસૂમ ભૂલકાં ધૈર્યરાજસિંહ રાઠોડને બચાવવા માટે મદદરૂપ થવાનું અભિયાન છેડવામાં આવ્યું છે. ગત તા. ૮મી માર્ચથી આરંભાયેલું અભિયાન ધૈર્યરાજને બચાવવા માટે જરૂરી એવા રૂ. ૧૬ કરોડના ઈન્જેક્શન માટે હાથ ધરવામાં આવ્યું છે અને આ સેવાના પહેલા જ દિવસે જય હો ફાઉન્ડેશન સંચાલીત ટીમ દ્વારા શનિવારે ડભોડા ખાતે હનુમાજી મંદિરે ઊભા રહીને રૂ. ૫૮ હજારનું દાન એકત્ર કરી લેવામાં આવ્યું હતું અને આજે ગાંધીનગરના વિવિધ સ્થળોએ ફરી ફરીને યુવાનોએ કુલ દાન અંદાજે રૂપિયા એક લાખ જેટલું દાન ઉઘરાવી લીધું છે.

તાજેતરમાં મુંબઈનો એક બાળક તેને થયેલી ગંભીર બીમારીને કારણે ચર્ચામાં આવ્યો હતો તેવી જ રીતે એસએમએ-૧ નામની કરોડરજ્જુની ગંભીર બીમારી મહીસાગર જિલ્લાના ધૈર્યરાજને લાગુ પડી છે જેને બચાવવા એક વર્ષના ગાળામાં તેને

રૂ. ૧૬ કરોડના એક ઈન્જેકશનની જરૂર છે. આ ગંભીર બીમારીથી પીડાઈ રહેલા ધૈર્યરાજને બચાવવા તેના માતાપિતાએ સોશિયલ મીડિયાના માધ્યમથી દાતાઓ સમક્ષ મદદ માટે હાથ લંબાવ્યા છે અને ગુજરાતમાં અનેક સ્થળેથી દાતાઓ આ ભૂલકાંની મદદ માટે આગળ આવી રહ્યા છે. આ બાબત સોશિયલ મીડિયાના માધ્યમથી ગાંધીનગરમાં 'ગાંધીનગર રોટી બેંક' નામથી દર સપ્તાહે ભોજન સેવા પૂરી પાડતા સેવાભાવી યુવાનોના ગ્રુપ પાસે આવતા તેઓ પણ માસૂમ ધૈર્યરાજની કહાની સાંભળી વિચલિત થઈ ગયા હતા અને તેને મદદ થઈ શકે તે માટે નિશ્ચય કરીને આ યુવાનો દ્વારા એક વિશેષ અભિયાન છેડવામાં આવ્યું છે.

જય હો ફાઉન્ડેશનની "રોટી બેંક સેવા" સાથે સોશિયલ મીડિયા પર અંદાજે દોઢસો જેટલા યુવાનો સંકળાયેલા છે. આ સેવાના સંચાલકો આ યુવાનોની મદદથી શનિવારે ડભોડાના સુપ્રસિદ્ધ હનુમાનજી દાદાના મંદિરેથી દાન ઉઘરાવવાનો પ્રારંભ કર્યો હતો જે અંતગત પહેલા જ દિવસે રૂ.૫૮હજારનું દાન એકત્ર કરી લીધું હતું. આ સાથે હવે આજથી આ યુવાનો ગાંધીનગરમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર નાગરિકોના ઘરે ઘરે જઈને શહેરીજનોને ધૈર્યરાજની આર્થિક મદદ કરવા માટે અપીલ કરતું બેનર લઈને ફરી રહ્યા છે અને આ યુવાનો દ્વારા અલગ-અલગ ગ્રુપ બનાવીને ડોર ટુ ડોર જઈને નગરજનોને માસૂમ બાળકને સારવાર અર્થે આર્થિક મદદની જરૂર હોવા અંગે સમજાવવામાં આવી રહ્યા છે. ગઈકાલથી શરૂ કરાયેલા આ અભિયાનમાં રોટી બેંકના ગ્રુપને ગાંધીનગરમાંથી સારી એવી આર્થિક મદદ પણ મળી રહી છે જે અંતર્ગત આ યુવાનોએ અત્યાર સુધીમાં એક લાખથી વધુનું દાન એકત્ર કરી લીધું છે. પ્રાપ્ત માહિતી અનુસાર આનંદની વાત એ છે કે આ યુવાનો સહિત અનેક નામી-અનામી દાતાઓના પ્રયાસથી ધૈર્યરાજના ખાતામાં અત્યાર સુધીમાં સાત કરોડ જેટલી રકમ જમા થઈ જવા પામી છે.

ખૂણેખાંચરેથી

- કેન્દ્રના રાજ્ય કૃષિમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ આજે સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટરમાં ચાલી રહેલા કોરોના વેકસીનેશન કાર્યક્રમની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.
- ફાગણ મહિનામાં લગ્નના મુહૂર્ત નથી તેમ જાણીતા જ્યોતીષી ભરત શાસ્ત્રીએ કહ્યું છે.
- સે. ૫ સ્થિત ખોડિયાર માતાજી મંદિર ખાતે આજરોજ ચારણ સમાજની બહેનોયે હરિરસનો સમૂહ પાઠ કર્યો હતો.
- નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે બીજી ટી-૨૦ મેચને લઈ ક્રિકેટ રસિયાઓ ગાંધીનગરથી અમદાવાદ મેચ નિહાળવા પહોંચ્યા હતા.
- ૧૪ થી ૧૭ ફેબ્રુઆરી દરમ્યાન ગાંધીનગરનુ મહત્તમ તાપમાન ૩૭-૩૯ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૧-૨૨ ડિગ્રી સે. રહેશે.
- ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ શરૂ થઈ ગઈ છે અને મનપા દ્વારા પણ જાહેર સફાઈના મુદ્દે ઉદાસીનતા બતાવવામાં આવી રહી હોવાથી લોકોમાં રોષની લાગણી જન્મી છે.
- ચાર દિવસના મીની વેકેશન પછી રાજ્ય વિધાનસભાનું સત્ર આજે ફરી મળશે. આજે ઘણા બધા ધારાસભ્યો ગાંધીનગર હાજરી આપવા આવી પહોંચ્યા છે.
- શહેરના જાણીતા કલાકાર અને કલ્ચરલ ફોરમના અગ્રણી જયરાજસિંહ સરવૈયા કોરોનાથી સંક્રમિત થયા છે.

કાફ્ટ્સમેન ઓટોમેશન લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

કાફ્ટ્સમેન ઓટોમેશન લિમિટેડ ("કંપની") એક ડાઈવર્સિફાઈડ એન્જિનીયરિંગ કંપની છે, જે ત્રણ બિઝનેસ સેગમેન્ટ - ઓટોમોટિવ સેગમેન્ટ માટે પાવરટ્રેન અને અન્ય ઉત્પાદનો ("ઓટોમોટિવ - પાવરટ્રેન અને અન્ય"), ઓટોમોટિવ સેગમેન્ટ માટે એલ્યુમિનિયમ ઉત્પાદનો ("ઓટોમોટિવ - એલ્યુમિનિયમ ઉત્પાદનો") તથા ઔદ્યોગિક અને એન્જિનીયરિંગ ઉત્પાદનોનું સેગમેન્ટ ("ઔદ્યોગિક અને એન્જિનીયરિંગ")માં વર્ટિકલી સંકલિત ઉત્પાદન ક્ષમતાઓ ધરાવે છે. કંપની એના ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૧૫ માર્ચ, ૨૦૨૧ના રોજ ખોલશે, જેમાં દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૫ છે ("ઈક્વિટી શેર" અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, "ઓફર"). આ ઓફર ૧૭ માર્ચ, ૨૦૨૧ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૪૮૮થી રૂ. ૧,૪૯૦ નક્કી કરવામાં આવી છે.

આઈપીઓ કંપનીના રૂ. ૧,૫૦૦ મિલિયનના કુલ ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને ૪,૫૨૧,૪૫૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે, જેમાં શ્રીનિવાસન રવિ ("પ્રમોટર વિક્રેતા શેરધારક")ના ૧૩૦,૬૪૦ સુધીના ઈક્વિટી શેર, મેરિનૌ (સિંગાપોર) પીટીઈ લિમિટેડ ("મેરિના") દ્વારા ૧,૫૫૯,૨૬૦ સુધીના ઈક્વિટી શેર અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન ("આઈએફસી") દ્વારા ૧,૪૧૪,૦૫૦ સુધીના ઈક્વિટી શેર (મેરિના, આઈએફસી સાથે સંયુક્તપણે "રોકાણકાર વિક્રેતા શેરધારક") કે ગોમથેશ્વરન (વ્યક્તિગત વિક્રેતા શેરધારક)ના ૧,૪૧૭,૫૦૦ સુધીના ઈક્વિટી શેર સામેલ છે (પ્રમોટર વિક્રેતા શેરધારક, રોકાણકારો વિક્રેતા શેરધારકો અને વ્યક્તિગત વિક્રેતા શેરધારક, સંયુક્તપણે, 'વિક્રેતા શેરધારકો'-વિક્રેતા શેરધારકો દ્વારા ઓફર થયેલા આ પ્રકારના ઈક્વિટી શેર, "ઓફર થયેલા શેર").

જેઠીપુરા પાટીયા પાસે અજાણી કારની અડફેટે ભિક્ષુકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

મોટા ચિલોડા થી નરોડા તરફ જતા માર્ગ પર જેઠીપુરા પાટીયા પાસે એસ્સાર ના પેટ્રોલ પંપ સામે અજાણી કારની અડફેટે આશરે ૪૫ વર્ષિય માનસિક અસ્થિર મગજના વ્યકિતનું મૃત્યું નિપજયું હતું. આ બનાવ ગત તા.૨૫ જાન્યુઆરીનો છે. જો કે પ્રારંભિક તપાસમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. પરંતુ પીએમ રીપોર્ટ આવી ગયા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ત્રણ મૂલ્યો - સમાનતા, બંધુતા અને લોકતંત્રને ગાંધીના 'લાડકા'એ જીવનમાં ઉતારી દીધા હતા

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગાંધીજીના હનુમાન અને ગણેશ તરીકે જાણીતા અંગત સચિવ મહાદેવ દેસાઈના પુત્ર, ગાંધીજીનો બાબલો અને પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક નારાણય દેસાઈની આજે પુણ્યતિથિ છે. જન્મભૂમિ વલસાડ અને કર્મભૂમિ ગાંધી વિચારનો ફેલાવો એટલે કે આખું જગત મહાત્મા ગાંધી, વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણથી અત્યંત પ્રભાવિત થયેલા નારાયણ દેસાઈનો ઉછેર અને વિકાસ અમદાવાદના ગાંધીઆશ્રમ અને સેવાગ્રામથી થયો હતો. તેઓ ગાંધીને જોડતી આખરી જીવિત કડી સમાન હતા. નારાયણ દેસાઈએ ૨૦૦૨ના રમખાણોથી વ્યથિત થઈને ગાંધીકથા પ્રસારિત કરી હતી. તેમણે ૧૧૮ જેટલી ગાંધીકથાઓ કરી છે. સપ્તાહમાં પ્રતિદિન ત્રણ કલાક સુધી ગાંધીકથા કરતા હતા. ગાંધીકથા દ્વારા તેઓ હિન્દુ અને મુસ્લિમ

મહાત્મા ગાંધીનો 'બાબલો' એટલે નારાયણ દેસાઇ, ગાંધીને જોડતી આખરી જીવિત કડી હતા

સમુદાયને નજીક લાવ્યા હતા. તેમણે ગાંધીજીનું જીવન ગુજરાતી ભાષામાં ચાર ખંડોમાં લખ્યું છે. દક્ષિણ ગુજરાતના વેદછીમાં તેમણે એક આશ્રમ બનાવ્યો હતો અને તેઓ ત્યાં રહેતા હતા. કહેવાય છે કે નારાયણ દેસાઈએ ક્યારેય સ્કૂલ કે કોલેજ જોઈ નથી છતાં તેઓ અંગ્રેજી, બાંલગા, ઉડિયા, મરાઠી, ગુજરાતી, સંસ્કૃત અને હિન્દી ભાષા સમાન અધિકારથી ઉપયોગ કરતા હતા.

● ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ રહ્યાં હતા...

મહાદેવ દેસાઈનું નામ અને કામ શિક્ષણ, કાંતણ, નવી તાલીમ, સર્વોદય, ભૂદાન, આંદોલન, ગાંધીકથા, ગ્રામ સ્વરાજ્ય અને લોકતાંત્રિત સંસ્થાઓ સાથે જોડાયેલું રહ્યું છે. આઝાદી પછી કહેવાતા ગાંધીવાદી સત્તાધીન થયાં ત્યારે તેમણે જુગતરામ દવેના પગલે દક્ષિણ ગુજરાતના વેડછીને પોતાની કર્મભૂમિ બનાવી હતી. ગાંધીવાદી ચિંતકોની માફક નારાયણ દેસાઈએ પણ ગીતો, નાટક, ચરિત્ર્ય અને અનુવાદો થકી ગાંધીવિચારને ધબકતો રાખ્યો હતો.પાવન પસંગો,જયપ્રકાશ નારાયણ,સામ્યયોગી વિનોબા, સોનાર બાંગ્લા, અહિંસક પ્રતિકારની કહાણી, વેડછીનો વડલો, અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ અને મારું જીવન એજ મારી વાણી એ તેમની જાણીતી કૃતિઓ છે. રણજીતરામ પુરસ્કાર,સાહિત્ય અકાદમી પુરસ્કાર,જમનાલાલ બજાજ એવોર્ડ અને મૂર્તિદેવી પુરસ્કાર જેવા અનેક પુરસ્કારોથી તેઓ સન્માનિત થયા હતા.નારાયણ દેસાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પણ રહ્યા હતા.

● દેશમાં કટોકટીના વિરોધમાં પત્રિકાનું સંપાદન...

ઈઝરાયલના પ્રવાસ દરમ્યાન તેમને એક વિદ્યાર્થીની એ પૂછ્યું હતું કે--- તમે ગાંધીજીને જોયા છે ત્યારે તેમણે ઉત્તર આપ્યો હતો કે હું ગાંધીજીને જોઉં તે પહેલાં એમણે મને જોયો હતો. ભૂદાન આંદોલન અને સંપૂર્ણ ક્રાન્તિ આંદોલન જેવા રાષ્ટ્રીય આંદોલનોમાં તેઓ સક્રિય રહ્યાં હતા.કોમી તોફાનોના સમયમાં તેમણે શાંતિ સેનાનું ગઠન કર્યું હતું. તેમણે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં સાહિત્ય લેખન કર્યું હતું. કટોકટીના સમયમાં તાનાશાહી સામે તેમણે અનેક પત્રિકાઓનું સંપાદન કર્યું હતું. બિહાર આંદોલનમાં સક્રિયતાના કારણે તત્કાલિન રાજ્ય સરકારે તેમને બિહારમાંથી કાઢી મૂક્યા હતા. તેમણે યુદ્ધ વિરોધી આંતરરાષ્ટ્રીય આંદોલનોમાં પણ મહત્વની ભૂમિકા નિભાવી હતી. તેમના પરિવારમાં પુત્રી સંઘમિત્રા, પુત્ર નચિકેતા અને અફલાતૂન દેસાઈ છે. નારાયણ દેસાઈના પત્ની ઉત્તરાનું દેહાવસાન અગાઉ થઈ ચૂક્યું હતું.

● ગાંધીઆશ્રમ અને સેવાશ્રમમાં મોટા થયા હતા...

મહાત્મા ગાંધીના અંગત સેક્રેટરી અને જીવન વૃત્તાંત લેખક મહાદેવ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈનો જન્મ ૨૪મી ડિસેમ્બર ૧૯૨૪ના રોડ વલસાડમાં થયો હતો પરંતુ તેઓ ગાંધીજીના સાબરમતી આશ્રમ અને વર્ધા નજીકના સેવાગ્રામ આશ્રમમમાં મોટા થયા હતા. તેઓ એક મહિનાની ઉમરથી ગાંધી આશ્રમમાં રોકાયા હતા અને ગાંધીજીની નજર હેઠળ ઉછર્યા હતા. તેઓ ૨૩ વર્ષ આશ્રમમાં જ રહ્યા હતા. તેમણે પોતાના પિતા અને આશ્રમના અન્ય રહેવાસીઓ પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. સ્વાતંત્ર્ય સેનાનીઓ નભકૃષ્ણ ચૌધરી અને માલતીદેવી ચૌધરીની પુત્રી ઉત્તરા ચૌધરી સાથેના લગ્ન પછી આ યુવાન જોડી સુરતથી ૬૦ કિલોમીટર દૂર આવેલા વેડછીમાં સ્થાયિ થઈ હતી જ્યાં તેમણે નઈ તાલીમ શાળામાં શિક્ષક તરીકે કામ શરૂ કર્યું હતું. વિનોબા ભાવે દ્વારા ભૂદાન આંદોલન શરૂ કરાયા પછી તેમણે ગુજરાતમાં પગપાળાં પ્રવાસ કરીને અમીરો પાસેથી જમીન લઈને ગરીબ જમીન વિહોણાં ખેડૂતોમાં વહેંચી હતી. તેમણે ભૂદાન આંદોલનનું મુખપત્ર ભૂમિપુત્ર શરૂ કર્યું અને ૧૯૫૯ સુધી તેના તંત્રી રહ્યા હતા.

● આંતરરાષ્ટ્રીય શાંતિ સેનાની સ્થાપના કરી...



નારાયણ દેસાઈ વિનોબા ભાવે દ્વારા સ્થાપિત અને સામાજીક નેતા જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ સંચાલિત અખિલ ભારતીય શાંતિ સેના મંડળમાં જોડાયા હતા. શાંતિ સેનાના જનરલ સેક્રટરી તરીકે તેમણે સમગ્ર દેશમાંથી શાંતિ સ્વયંસેવકોની ભરતી કરી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય શાંતિ સેનાની સ્થાપના કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો અને તેઓ વોર રેઝિસ્ટર્સ ઈન્ટરનેશનલના ચેરમેન તરીકે ચૂંટાયા હતા. પાકિસ્તાની શાંતિ સંગઠનની સાથે તેમને યુનેસ્કોનો આંતરરાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર મળ્યો હતો. તેઓ ભારતમાં કટોકટી લાદવાના વિરોધમાં સક્રિય હતા અને કટોકટીના કાયદાઓના

સ્કૂલે ગયા નથી છતાં અંગ્રેજી, બાંગ્લા, ઉડિયા, મરાઠી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી પર પ્રભુત્વ

વિરોધમાં સામયિકની શરૂઆત કરી હતી. જયપ્રકાશ નારાયણના સાથી તરીકે તેમણે જનતા પાર્ટીની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો, જે પ્રથમ મોટા બિન-કોંગ્રેસી પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો. તેમણે વડા પ્રધાન તરીકે મોરારજી દેસાઈનું નામ પસંદ કરવામાં પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

● મહાદેવ પછી નારાયણ ગાંધીની કાંખમાં હતા...

કહેવાય છે કે કોઈને વ્યાજ ગમતું નથી પરંતુ મુદલ કરતાં વ્યાજ વહાલું હોય એ ન્યાયે મહાદેવ દેસાઈના પુત્ર નારાયણ ગાંધીજી માટે લાડકા હતા. ગાંધીજી તેમને બાબલો કહેતા હતા એટલે ગાંધીજીના ખોળામાં બેસવાનો તેમને અધિકાર હતો. બાબલો સ્વતંત્ર મિજાજનો તરૂણ હતો એટલે કોઈ પૂછવાની હિંમત ના કરે તેવા સવાલો પૂછવાનો તેમને અધિકાર હતો. ૧૯૪૨માં મહાદેવભાઈનું આગાખાન પૅલેસમાં ગાંધીજી સાથે કેદમાં હતા ત્યારે અવસાન થયું હતું. ગાંધીજીને આગાખાન પૅલેસમાંથી છોડવામાં આવ્યા તે પછી ગાંધીજીના મહાત્માપણાની કસોટી કરે એવા યાતનાના દિવસો શરૂ થયા હતા. મહાદેવ દેસાઈના અવસાન પછી ગાંધીજીની કાંખમાં નારાયણ હતા અને યુવાન નારાયણ એ યાતનાના સાક્ષી હતા.

● સ્કૂલમાં નહીં ભણવાનો મક્કમ નિર્ણય કર્યો હતો...

જીવનચરિત્ર કેવું હોવું જોઈએ એનું જો કોઈ ઉદાહરણ આપવું હોય તો નારાયણ એ તેમના પિતા મહાદેવ દેસાઈનું લખેલું ચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબલ્લ વાંચવું જોઈએ. તેમને સાહિત્ય માટેના રણજિતરામ સુવર્ણચન્દ્રક, મધ્યસ્થ અકાદમી અવૉર્ડ વગેરે ઈલકાબો તો મળ્યા છે, પરંતુ ગુજરાતના સારસ્વતોએ સર્વાનુમતે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટયા હતા. મહાદેવ અને નારાયણ એવી એકમાત્ર પિતા-પુત્રની જોડી છે જેમને બન્નેને મધ્યસ્થ સાહિત્ય અકાદમીનો અવૉર્ડ મળ્યો છે. નારાયણ સક્ષમ અને સ્વાવલંબી સાક્ષર હતા. પિતાના તરફથી સાક્ષર થવાના ગુણો તો મળ્યા હતા તેથી વધુ તેમને ઉત્તમ વાતાવરણ મળ્યું હતું જેમાં તેઓ ઘડાયા હતા. ૧૧ વર્ષની વયે સ્કૂલમાં નહીં ભણવાનો સ્વયં નિર્ણય લેનારૂં બાળક સામાન્ય ગણાય નહીં. મહાદેવ દેસાઈ સ્વશિક્ષણનું એક દ્રષ્ટાંત છે. સાબરમતી અને સેવાગ્રામ આશ્રમમાં શરૂઆતનું જીવન ખાદી અપનાવવાના કારણે જીવનમાં સાદાઈ આપમેળે પ્રવેશી હતી. છ વર્ષની ઉમરે આરંભાયેલી કાંતણયાત્રા છેલ્લી માંદગા ત્રણ મહિનામાં અટકી હતી. સમાનતા, બંધુતા અને લોકતંત્ર એવા ત્રણ મૂલ્યો પ્રત્યેની તેમની નિસ્બત મૃત્યુપર્યંત રહી હતી. આ મૂલ્યો દેશના બંધારણમાં ટંકાયેલા છે.

● દેશભરમાં ગાંધીકથા કરી જીવનનો સંદેશો ફેલાવ્યો...

જયપ્રકાશ નારાયણના મૃત્યુ પછી તેઓ વેડછી ખાતે સ્થાયી થયા અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની સ્થાપના કરી. આ સંસ્થા અહિંસા અને ગાંધી જીવનશૈલીની તાલીમ આપતી હતી. તેમણે પોતાના પિતા મહાદેવ દેસાઈને શ્રદ્ધાંજલિ આપતું ગાંધીજીનું જીવનવૃત્તાંત ચાર ભાગોમાં લખ્યું છે, જે તેમના પિતાનું સ્વપ્ન હતું અને જેલમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ અવસાન થવાથી અધૂરું રહ્યું હતું. ૨૦૦૪થી તેમણે 'ગાંધી-કથા' (મહાત્મા ગાંધીના જીવનનાં પ્રસંગોનું વર્ણન) કહેવાની સમગ્ર વિશ્વમાં શરૂઆત કરી હતી. ગાંધીજીનું જીવનવૃત્તાંત ચાર ભાગોમાં ૨૦૦૦ પાનાંઓમાં લખાયેલું છે. ગાંધીજીનું જીવનવૃત્તાંત પૂર્ણ કર્યા પછી તેમણે વિચાર્યું કે બહુ જૂજ લોકો આ પુસ્તક તેના કદ અને ઉંચી કિંમતને કારણે વાંચશે તેથી તેમણે ગાંધીજીનો સંદેશ લોકોમાં પહોંચડાવા માટે નવીન વિચાર રજૂ કર્યો. તેમણે ગાંધી કથાની શરૂઆત કરી. રામાયણ અને ભાગવત કથાની જેમ તેમણે ગાંધી કથા કહી છે. સાત દિવસના ત્રણ કલાકો સુધી તેમણે ગાંધીજીના જીવન અને વિચારો રજૂ કર્યા છે. તેમણે કથા દરમિયાન તેમના દ્વારા લખાયેલા ગીતો પણ ગાયા છે. તેમની કથા પ્રેક્ષકો પર આધારિત રહેતી હતી. કેટલીક કથાઓમાં તેઓ ગાંધીજીની રાજકારણ પ્રવૃત્તિઓ વિશે કહેતા હતા અને અધિકારીને તેઓ ગાંધીજીના નેતૃત્વ સંચાલનના ગુણો વિશે કહેતા હતા. આ કથા દ્વારા લોકોમાં પ્રવર્તતી ગાંધીજી વિશેની કેટલીય ગેરસમજ દૂર થઈ છે. તેમણે ગાંધીજીના જીવન વિશે કેટલાય અપ્રકાશિત અને ન જાણીતાં પ્રસંગો રજૂ કર્યા છે. આ કથા ભારત અને વિદેશમાં અત્યંત લોકપ્રિય બની હતી. નોંધવુ જરૂરી છે કે તેમણે કથાની શરૂઆત કરી ત્યારે તેમની વય ૮૧ વર્ષની હતી.

૨૦૦૨ના કોમી તોફાનોથી વ્યથિત થઇ ગાંધીકથા શરૂ કરી દેશમાં સદ્ભાવનાનો સંચાર કર્યો

● સોનાર બાંગ્લા સહિત અનેક પુસ્તકોના સ્વામી...

પાવન પ્રસંગો (૧૯૫૨) અને જયપ્રકાશ નારાયણ (૧૯૮૦) એમની ચરિત્રાત્મક પુસ્તિકાઓ છે. ગાંધી ક્યાંક હશે એ ભારતમાં ગીત-સંવાદોમાં લખાયેલી કટાક્ષિકા છે. સામ્યયોગી વિનોબા (૧૯૫૩), ભૂદાન આરોહણ (૧૯૫૬), મા ધરતીને ખોળે (૧૯૫૬), શાંતિસેના (૧૯૬૬), સંત સેવતાં સુકૃત વાધે (૧૯૬૭), સર્વોદય શું છે? (૧૯૬૮), ગાંધી વિચારો જૂનવાણી થઈ ગયા છે? (૧૯૬૯), અહિંસક પ્રતિકારની કહાણી (૧૯૭૫) વગેરે ગાંધીજીના આચારવિચારમાં રહેલી જીવનદ્રષ્ટિનું મૂલ્યાંકન કરતાં અને ભૂદાન પ્રવૃત્તિ વિશેનાં પુસ્તકો છે. સોનાર બાંગ્લા (૧૯૭૨) અને લેનિન અને ભારત (૧૯૭૬) ઈતિહાસ અને રાજકારણને લગતાં પુસ્તકો છે. વેડછીનો વડલો (૧૯૮૪)નું એમણે સંપાદન કર્યું છે. માટીનો માનવી (૧૯૬૪૪) અને રવિછબી (૧૯૭૯) એમના અનુવાદો છે.

● રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એવોર્ડ સન્માન મળ્યાં છે...

૧૯૮૯માં તેમના પુસ્તક અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ માટે નર્મદ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

૧૯૯૩માં તેમના પિતા મહાદેવ દેસાઈના જીવનવૃત્તાંત માટે તેમને ગુજરાતી ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. એ પહેલાં તેમને ગાંધીજીના બાળપણની યાદગીરીના પુસ્તક માટે પણ સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૯૯માં તેમને જમનાલાલ બજાજ પુરસ્કાર મળ્યો હતો અને ૧૯૯૮માં અસહિષ્ણુતા અને અહિંસાનો અથાગ પ્રચાર કરવા માટે યુનેસ્કો-મદનજીત સિંહ પુરસ્કાર મળ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં યોગદાન માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક ૨૦૦૧માં એનાયત થયો હતો. ૨૦૦૪ના વર્ષમાં ભારતીય જ્ઞાનપીઠ દ્વારા અપાતો ૧૮મો મૂર્તીદેવી પુરસ્કાર તેમને તેમના લોકપ્રિય સર્જન 'મારું જીવન એજ મારી વાણીલ્ર માટે મળ્યો હતો, જે મહાત્મા ગાંધીના જીવન, ફિલસૂફી અને કાર્યો પર આધારીત છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ પ્રયાસો અને રચનાત્મક કાર્યો માટે નારાયણ દેસાઈને 'નાગરદાસ જોશી પુરસ્કાર, કોમી એખલાસ માટે 'હાર્મની એવૉર્ડલ્ર, 'જમનાલાલ બજાજ પુરસ્કારલ્ર (૧૯૯૯), યુનેસ્કોનું અહિંસા અને સહનશીલતા માટે 'મદનજીતસિંઘ પુરસ્કારલ્ર(૧૯૯૮), અને 'ફ્રેન્ડ્સ ઑફ બાંગ્લાદેશ લિબરેશન વૉર ઑનરલ્ર (૨૦૧૨) પુરસ્કારો અને સન્માન મળ્યાં હતાં.

● ૧૫મી માર્ચ ૨૦૧૫માં નિધન, વેડછીમાં અંતિમ સંસ્કાર...

૧૦મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ તેઓ કોમામાં સરી પડ્યા હતા પરંતુ તેમાંથી સાજા થઈને તેઓ ચરખો પણ કાંતતા હતા. તેમને દૈનિક ક્રિયાઓમાં તકલીફ રહેતી હતી અને તેઓ પ્રવાહી ખોરાક પર હતા. ગાંધી વિચારના આખરી ચિરાગ પૈકીના એક નારાયણ દેસાઈ ૧૫મી માર્ચ ૨૦૧૫ના રોજ મહાવીર ટ્રોમા સેન્ટર, સુરતમાં નિધન પામ્યા હતા, તે જ દિવસે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.